નવી બાબત ૨૦૧૫-૧૬

યુથ સ્પોર્ટસ અને કલ્ચરને લગતા લેકચર સીરીઝ તથા શિબિરો ગોઠવવા બાબત. રૂ.૫.૦૦ લાખની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ યસપ/૧૦૨૦૧૫/૨૧૭૫/બ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૨૭-૦૪-૨૦૧૬

વંચાણે લીધાઃ-

(૧) કમિશનરશ્રી, યુવક સેવાઅને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી ગાંધીનગરનો તા.૦૪-૦૪-૨૦૧૬નો પત્ર ક્રમાંકઃયસપ/ યબઅ/નવી બાબત/ખ-૧/૧૮૫

ઠરાવઃ-

કમિશનરશ્રી, યુવક સેવાઅને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરીની યુથ બોર્ડ શાખા દ્વારા હાથ ધરાતી યુવક કલ્યાણ ની યુથ સ્પોર્ટસ અને કલ્ચરને લગતા લેકચર સીરીઝ તથા શિબિરો ગોઠવવા બાબતે સન ૨૦૧૬-૧૭ ના બજેટમાં મંજૂર કરાયેલ રૂ.૫/- (અંકે રૂપિયા પાંચલાખ પુરા)ની વહીવટી મંજૂરી આપવા વંચાણે લીધેલ ક્રમ-૧ પરના પત્રથી વિભાગને કરેલ દરખાસ્ત વિચારણામાં હતી.

પુખ્ત વિચારણાને અંતે કમિશનરશ્રી, યુવક સેવાઅને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરીની યુથ બોર્ડ શાખા દ્વારા યુથ સ્પોર્ટસ અને કલ્ચરને લગતા લેકચર સીરીઝ તથા શિબિરો ગોઠવવા બાબતની રૂ.૫/- લાખ (અંકે રૂપિયા પાંચ લાખ પુરા)ની સન-૨૦૧૬-૧૭નાં બજેટમાં મંજૂર કરાયેલ નવી બાબતને નીચેની શરતોએ આથી વહીવટી મંજુરી આપવામાં આવે છે.

આ મંજૂરી નીચે મુજબની શરતોને આધિન રહેશે.

૧. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૩. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪. આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી નિતીની જોગવાઇઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૫ આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંકઃએસપીઓ૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન તથા તે અંગેની વખતો વખત સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૬ આ અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

૭ આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે. નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરનડર કરવાની રહેશે.

૮. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૯. પ્રવર્તમાનયોજનાના નોમ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

૧૦. આ ખર્ચ તા.૦૧/૦૪/૨૦૧૬ થી કરવાનો રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી નં.૯૮-૨૨૦૪-ખેલકૂદ અને યુવક સેવાઓ-૧૦૩-વિદ્યાર્થીઓસિવાયના યુવકમાટે કલ્યાણકાર્યક્રમ-૦૨-ઇડીએન-૫૨-યુવક કલ્યાણની સંકલિત યોજના-૫૦૦૦-અન્યખર્ચ-આયોજન સદરે૨૦૧૬-૧૭ના બજેટમાં મંજૂર કરેલ ગ્રાન્ટમાંથી મેળવવાનો રહેશે.

આ હુકમો નાણા વિભાગની તા.૧૯/૦૪/૨૦૧૬થી વિભાગની સરખા ક્રમાંક પરની ફાઇલ પરની નોંધથી મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( રાહુલ પટેલ )
ઉપસચિવ,
રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ.

પ્રતિ,

- માન.રાજય કક્ષા મંત્રીશ્રી (ર.ગ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- કમિશનરશ્રી, યુવક સેવાઅને સાંસ્કૃતીક પરવૃતિઓ ની કચેરી ગાંધીનગર.
- નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાણાં સલાહકારશ્રી (રમતગમત), સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, રાજકોટ/ અમદાવાદ.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી,ગાંધીનગર
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- ક-શાખા, રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સેકશન અધિકારી પસંદગી ફાઇલ.
- સિલેકટ ફાઇલ.

## યુથ, સ્પોર્ટસ આર્ટ અને કલ્ચરને લગતા લેકચર સીરીઝ તથા શિબિરો ગોઠવવા અંગેની વિગતો દર્શાવતું પત્રક

**નવી બાબત-૨૦૧૬-૧૭**

**સંભવિત ખર્ચની વિગત**

| ક્રમ | યોજનાની વિગત | અંદાજીત રકમ (રૂ) |
|---|---|---|
| ૧. | સમગ્ર રાજ્યમાં જુદાજુદા ૦૩ (ત્રણ) સ્થળોએ યુથ,સ્પોર્ટસ, આર્ટ અને કલ્ચરને લગતા લેકચર યોજવા અંગે<br>૦૨ સ્થળ X ૩ વિષય X રૂ.૩૦,૦૦૦/- =રૂ.૧,૮૦,૦૦૦/- | રૂ.૧,૮૦,૦૦૦/- |
| ૨. | યુથ,સ્પોર્ટસ, આર્ટ અને કલ્ચરને લગતી શિબિરો યોજવા અંગે<br>૦૩ સ્થળ X ૩ વિષય X રૂ.૩૫,૦૦૦/- =રૂ.૩,૧૫,૦૦૦/- | રૂ.૩,૧૫,૦૦૦/- |
| ૩. | આનુષાંગિક વહીવટી ખર્ચ | રૂ.૫,૦૦૦/- |
| | કુલ:- | રૂ.૫,૦૦,૦૦૦/- |